# દુ:ખીશ્યામબાપા સર્કલે ખાનગી વાહનોની દાદાગીરી: રસ્તા પર વાહનોના જમેલાથી રોજીંદો ટ્રાફિકજામ

## એસ.ટી. નિગમના દંડના મોટા દાવા વચ્ચે સ્થળ પર વણસતી સ્થિતિ; RTO અને ટ્રાફિક પોલીસની શંકાસ્પદ નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે રોષ







ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેરના અતિ વ્યસ્ત એવા તળાજા જકાત નાકા વિસ્તારમાં ખાનગી વાહનો દ્વારા કાયદાના ધજાગરા ઉડાડીને કરવામાં આવતા પેસેન્જર પરિવહનને કારણે ટ્રાફિકની અત્યંત ગંભીર સમસ્યા સર્જાઈ છે. તળાજા અને મહુવા તરફ જતા ઈકો સહિતના ખાનગી વાહનો કોઈ પણ જાતના ભય વગર જાહેર રસ્તાની વચ્ચોવચ્ચ ઊભા રહીને મુસાફરોને બેસાડતા અને ઉતારતા હોવાથી આખો માર્ગ ચક્કાજામ થઈ જાય છે. પેસેન્જરોને ભરવા માટે અચાનક જ વાહનો રોકી દેવાતાં પાછળ આવતા વાહનો અટવાઈ પડે છે, જેના કારણે એસ.ટી. બસો, ખાનગી વાહનો, ટુ-વ્હીલર્સ અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ચોમાસાના વરસાદી માહોલ વચ્ચે કાદવ-કીચડ અને પાણીના ભરાવા વચ્ચે અનધિકૃત રીતે ઊભા રહેતા આ વાહનોના કારણે અનિચ્છનીય અકસ્માતનો ભય પણ સતત તોળાતો રહે છે.

બીજી તરફ, ભાવનગર એસ.ટી. વિભાગ દ્વારા ઓગસ્ટ માસ દરમિયાન અનધિકૃત પરિવહન કરતા ૮ ખાનગી વાહનો ડિટેઇન કરી રૂ. ૧,૮૯,૮૦૦નો દંડ વસૂલ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. પરંતુ, તળાજા જકાત નાકા પરની રોજીંદી અવ્યવસ્થા જોતાં તંત્રના આ ચેકિંગ દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે અને સ્થાનિક સ્તરે આરટીઓ તથા ટ્રાફિક પોલીસની મિલીભગત હોવાની ચર્ચાઓ વહેતી થઈ છે. માત્ર કાગળ પર દંડના આંકડા દર્શાવવાને બદલે ખાનગી વાહનોની પરમિટ અને દસ્તાવેજોની યોગ્ય તપાસ થાય, તળાજા જકાત નાકા પાસે કાયમી ટ્રાફિક પોલીસ પોઈન્ટ મૂકવામાં આવે તથા ચોક્કસ પિક-અપ પોઈન્ટ નક્કી કરીને આડેધડ વાહનો ઊભા રાખતા વાહનચાલકો સામે સંયુક્ત રીતે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# પ્રજાભિમુખ વહીવટ: સિહોરના પ્રાંત અધિકારી સોનારાએ જમીન પર બેસી લોકોના પ્રશ્નો સાંભળ્યા

**મોટા સુરકા ગામે રાત્રિ ગ્રામસભામાં સોનારાની સાદગી; કચેરીમાં ઉપરના માળે આવવા અસમર્થ અરજદારો માટે પોતે નીચે આવીને તેમને સાંભળશે**

ભાવનગર,તા.૧૪

સિહોરના નવનિયુક્ત પ્રાંત અધિકારી અને SDM ધીરેનકુમાર સોનારાએ મોટા સુરકા ગામે રાત્રિ ગ્રામસભામાં સાદગીભર્યું ઉદાહરણ પૂરું પાડ્યું છે. અધિકારીઓ માટે ખુરશી-ટેબલની વ્યવસ્થા હોવા છતાં, તેમણે ગ્રામજનો સાથે જમીન પર બેસીને સીધો સંવાદ કર્યો હતો. દિવસ દરમિયાન ખેતી કે નોકરીમાં વ્યસ્ત રહેતા લોકો રજૂઆત કરી શકે તે હેતુથી આ સભાનું આયોજન કરાયું હતું. તેમણે મહેસૂલ, પાણી, રસ્તા, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે રજૂઆતો સાંભળી શક્ય પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવા અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, વયોવૃદ્ધ, દિવ્યાંગ અને બીમાર અરજદારોને પ્રાંત કચેરીમાં સીડીઓ ચડીને બીજા માળે આવવામાં પડતી મુશ્કેલી નિવારવા કચેરીના ભોંયતળિયે સંપર્ક નંબરનું બેનર મૂક્યું છે. મુશ્કેલી અનુભવતા અરજદારો માટે તેઓ પોતે નીચે આવીને રજૂઆત સાંભળશે. પેન્ડિંગ કેસોનો સીધો નિકાલ અને "આપની સુવિધા, અમારી જવાબદારી"ના ભાવ સાથે લેવાયેલો આ પ્રજાભિમુખ નિર્ણય લોકપ્રશંસા પામી રહ્યો છે.

# ગણેશોત્સવમાં ફાયર સેફ્ટી ગાઈડલાઈન્સ જાહેર: મનપાનું સેલ્ફ ડેક્લેરેશન અને નિયમોનું પાલન ફરજિયાત : છેલ્લી ઘડીએ તંત્ર જાગ્યાનો ગણગણાટ

**પંડાલની લઘુત્તમ ઊંચાઈ ૩ મીટર, ૨ ઈમર્જન્સી એક્ઝિટ અને ૨૪ કલાક પ્રશિક્ષિત સ્ટાફ રાખવો પડશે; નિયમભંગ પર કડક કાર્યવાહીની તાકીદ**

ભાવનગર,તા.૧૪

આગામી ગણેશોત્સવના તહેવારોને ધ્યાને રાખી ભાવનગર મહાનગરપાલિકાના 'ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસીઝ' વિભાગ દ્વારા જાહેર સલામતી અર્થે ગણેશ મહોત્સવના આયોજકો માટે મહત્વપૂર્ણ ફાયર સેફ્ટી માર્ગદર્શિકા (જાહેર નોટિસ) જાહેર કરવામાં આવી છે. ચીફ ફાયર ઓફિસર દ્વારા તમામ ગણેશ મંડળો અને સંચાલકોને ગુજરાત ફાયર પ્રીવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ મુજબ ૩૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર ફોટો નોટરી સાથેનું સેલ્ફ-ડિક્લેરેશન (સ્વ-ઘોષણાપત્ર) રજૂ કરવા તાકીદ કરાઈ છે.

જાહેર કરાયેલી માર્ગદર્શિકા મુજબ, પંડાલ કે અસ્થાયી મંડપ સ્કૂલ, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થોના ગોડાઉન કે હાઈ-ટેન્શન વીજ લાઈનથી સલામત અંતરે બનાવવાનો રહેશે. ચાલુ પાવર લાઈન હેઠળ પંડાલ બનાવવાની સખત મનાઈ છે. પંડાલની લઘુત્તમ ઊંચાઈ ૩.૦૦ મીટર રાખવી તેમજ અંદર પરસ્પર વિરુદ્ધ દિશામાં હોય તેવા ઓછામાં ઓછા ૨ ઈમર્જન્સી એક્ઝિટ (ઓછામાં ઓછા ૫ મીટર પહોળા) રાખવા ફરજિયાત છે. આ ઉપરાંત, ફાયર બ્રિગેડનું વાહન સરળતાથી આવી શકે તે માટે આસપાસનો રસ્તો ખુલ્લો રાખવો પડશે.

આગના બનાવ સામે સુરક્ષા માટે પંડાલમાં પૂરતા પ્રમાણમાં માન્ય ફાયર એક્સટિંગ્વિશર અને દર ૫૦ મીટરે પાણી કે રેતી ભરેલી બકેટો મૂકવી પડશે. ફાયર એક્સટિંગ્વિશર ચલાવવાની જાણકારી ધરાવતી ઓછામાં ઓછી ૨ પ્રશિક્ષિત વ્યક્તિઓને ૨૪ કલાક ફરજ પર રાખવી અનિવાર્ય છે. પંડાલની અંદર ફટાકડા, એલપીજી સિલિન્ડર, ખુલ્લી આગ કે કોમર્શિયલ ખાણી-પીણીના સ્ટોલ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમજ હવન કે દીવા/અગરબત્તીના સ્થળે ઉપરની છત પર ઓછામાં ઓછી ૬ સેમી જાડાઈની સીઆઈ/જીઆઈ પતરાની શીટ લગાવવી જરૂરી રહેશે.

ફાયર વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ સૂચનાઓ ઉપરાંત આયોજકોએ પોલીસ, ટ્રાફિક અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અન્ય વિભાગોના ના-વાંધા પ્રમાણપત્ર (NOC) પણ મેળવી લેવાના રહેશે. કોઈપણ કટોકટીના સમયે ૧૧૨, ૧૦૧, ૧૦૦ કે કોર્પોરેશનના કંટ્રોલ રૂમ નંબર ૦૨૭૮-૨૪૨૪૮૧૪/૧૫ પર સંપર્ક કરવા પણ આહ્વાન કરાયું છે.

# કુંઢેલી ગામે રામદેવ રામાયણ માનસ કથાનો થયેલો પ્રારંભ

**ગ્રામજનોની ધર્મમય ભાવના થકી આ વર્ષે પણ સતત અગિયારમી કથાનું ભાવભેર આયોજન**



ભાવનગર,તા.૧૪

તળાજા તાલુકાના કુંઢેલી ગામના બજરંગદાસબાપાની મઢુલી,રામદેવપીર આશ્રમ ખાતે રવિવારથી રામદેવ રામાયણ માનસ કથાનો પ્રારંભ થયો છે.

કથાના વક્તા પંકજભાઈ જોશી (કુંઢેલી વાળા) સંગીતમય કથા શ્રવણ કરાવી રહ્યા છે. કથામાં આવતા પાવન પ્રસંગો ધામધુમથી ઉજવવામાં આવશે. કથાનો સમય સવારના ૯ થી ૧૨ અને સાંજના ૩ થી ૬ વાગ્યા સુધીનો રહેશે.રાત્રિના ભજન સત્સંગનું આયોજન પણ કરવામાં આવ્યું છે. કુંઢેલી ગામજનોના ભક્તિભાવ અને સાથ સહકારથી આ સ્થળે સતત અગિયારમી પારાયણ કથા યોજાય રહી છે. કથા દરમિયાન મહાપ્રસાદ ભોજનનું આયોજન દરરોજ બપોરના ૧૨.૩૦ કલાકે રાખેલ છે. માનસ કથાનો વિરામ તા.૨૧ ને સોમવારે (દશમ) બપોરના ૧૨.૩૦ કલાકે થશે.કથા સત્સંગ શ્રવણનો અમૂલ્ય લાભ લેવા આયોજન કમિટી અને ગામ સમસ્ત દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# ઘાંઘળીમાં પાણીના ટેન્કર બાબતે બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું: કાર અને બાઈકની તોડફોડ બાદ ૧૯ સામે ગુન્હો દાખલ

**સોલાર પ્લાન્ટમાં ટેન્કર નાખવાની બાબતે બોલાચાલી બાદ હુમલો; પોલીસે સોનગઢ-સિહોરના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ કાબૂમાં લીધી**

ભાવનગર,તા.૧૪

સિહોર તાલુકાના ઘાંઘળી ગામે પાણીનું ટેન્કર નાખવાના મુદ્દે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ હિંસક અથડામણ સર્જાઈ હતી. આ બનાવમાં વાહનોની તોડફોડ થતાં ભારે નુકસાન થયું હતું. ઘટનાના પગલે સિહોર અને સોનગઢ પોલીસનો મોટો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ મામલે સિહોર પોલીસ સ્ટેશનમાં સામસામે ૧૯ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ છે.

નેસડા ગામના રઘુભાઈ ગોબરભાઈ હુંબલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ અને તેમના મિત્ર વિશાલભાઈ ઉર્ફે ભોથો કનુભાઈ સાથેની માથાકૂટ અંગે ક્રેટા કાર (GJ 04 EP 9458) લઈને ઘાંઘળી જતા હતા. ત્યારે બજરંગદાસબાપા હોટલ પાસે કનુભાઈ, તેમના બે પુત્રો અને ૧૦ અજાણ્યા લોકોએ લાકડીઓ વડે હુમલો કરી માર માર્યો હતો તેમજ ક્રેટા કારના કાચ તોડી રૂ. ૫૦,૦૦૦નું નુકસાન કર્યું હતું.

સામે પક્ષે હરેશભાઈ કનુભાઈ ગોહિલે ફરિયાદ નોંધાવી છે કે, સોલાર પ્લાન્ટમાં પાણીના ટેન્કર નાખવા બાબતે બોલાચાલી થતાં ચેતન ડાંગર અને અન્ય શખ્સોએ વાડીએ આવી ગાળો આપી માર મારવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં વિશાલ ઉર્ફે ભોથાભાઈ અને રઘુ આહિરે જાનથી મારી નાખવાના ઈરાદે ક્રેટા કાર તેમની પર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં સાઈડમાં ઊભેલા ભરતભાઈને પગે ઈજા થઈ હતી. તેમજ સ્પ્લેન્ડર બાઈક (GJ 01 0970) સાથે કાર અથડાવી રૂ. ૧૦,૦૦૦નું નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસે બંને પક્ષે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાદરવી અમાસના મેળામાં એસ.ટી. નિગમને રૂ. ૫.૮૪ લાખની આવક

**એક્સ્ટ્રા બસો દ્વારા ૫૪૧ ટ્રીપોનું સફળ સંચાલન; ૧૮,૧૩૫ મુસાફરોએ દર્શન અને સ્નાન માટે એસ.ટી. સેવાનો લાભ લીધો**

ભાવનગર,તા.૧૪

ભાવનગર જિલ્લાના દરિયાકિનારે આવેલ પાંડવ સ્થાપિત અતિ પ્રાચીન તીર્થધામ નિષ્કલંક મહાદેવ કોળિયાક ખાતે ભાદરવી અમાસના પવિત્ર મેળામાં એસ.ટી. નિગમ દ્વારા એક્સ્ટ્રા બસોનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર વિભાગીય નિયામક આર.ડી. પિલવાઈકર અને તેમની ટીમ દ્વારા શ્રદ્ધાળુઓની સુવિધા માટે ભાવનગર બસ સ્ટેશન, શિવાજી સર્કલ તેમજ પીપળીયા પુલ ખાતે ખાસ પોઈન્ટ ઊભા કરીને વધારાની બસો દોડાવવામાં આવી હતી.

વિભાગ દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, એક્સ્ટ્રા બસો થકી કુલ ૫૪૧ ટ્રીપોમાં ૭,૫૮૪ કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૮,૧૩૫ મુસાફરોએ પ્રવાસ કર્યો હતો. આ સફળ આયોજનના પરિણામે એસ.ટી. નિગમને રૂ. ૫,૮૪,૦૦૦ની આવક પ્રાપ્ત થઈ હતી, જેમાં પ્રતિ કિલોમીટર આવક રૂ. ૭૭ નોંધાઈ હતી. કોઈપણ પ્રકારના બ્રેકડાઉન કે અકસ્માત વગર આ સંચાલન સુપેરે સંપન્ન થયું હતું.

# ભાવનગર રેડક્રોસ બ્લડ બેન્કના ૫ વર્ષ પૂર્ણ: ૧૪ સપ્ટેમ્બરથી રક્તદાન જાગૃતિ ઉત્સવનો પ્રારંભ

## રિપ્લેસમેન્ટ વગર ૩૮,૫૦૦થી વધુ યુનિટ રક્ત આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું; ૧૫ દિવસ સુધી કેમ્પ, રેલી અને સન્માન સમારોહ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે

ભાવનગર,તા.૧૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર જિલ્લા શાખા સંચાલિત 'શ્રી ઉત્તમ એન. ભૂતા – રેડક્રોસ બ્લડ સેન્ટર' (બ્લડ બેન્ક) દ્વારા પોતાના સફળ ૫ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષમાં મંગલ પ્રવેશ કરવામાં આવ્યો છે. આ નિમિત્તે ૧૪ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન સમગ્ર જિલ્લામાં 'રક્તદાન જાગૃતિ ઉત્સવ-૬'ની ઉજવણી કરવામાં આવશે. ૧૫ દિવસ સુધી ચાલનારા આ મહોત્સવ દરમિયાન રક્તદાન કેમ્પ, જાગૃતિ રેલી, વર્કશોપ, સેમિનાર, પ્રદર્શન અને સન્માન સમારોહ જેવા અનેક પ્રજાભિમુખ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

રેડક્રોસ બ્લડ બેન્કની સ્થાપના ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ ઉત્તમ એન. ભૂતા પરિવારના સહયોગથી કરવામાં આવી હતી. આ પાંચ વર્ષના સમયગાળામાં ૧,૦૪૮થી વધુ રક્તદાન કેમ્પોના માધ્યમથી ૩૫,૦૦૦થી વધુ રક્તદાતાઓએ રક્તદાન કર્યું છે. આ સહયોગથી દર્દીઓને સામે રક્ત જમા કરાવ્યા (રિપ્લેસમેન્ટ) વગર જ ૩૮,૫૪૮થી વધુ યુનિટ રક્ત પૂરું પાડીને સમગ્ર રાજ્યમાં એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, હોસ્પિટલોમાંથી બ્લડ સેમ્પલ લાવવા અને રક્ત પહોંચાડવાની સેવા પણ કોઈ પણ વધારાના ચાર્જ વગર આપવામાં આવે છે.

સામાજિક જવાબદારીના ભાગરૂપે અત્યાર સુધીમાં ૫,૫૫૧થી વધુ યુનિટ રક્ત થેલેસેમિયા મેજર, હીમોફીલિયા, કેન્સર, કિડની ફેલ્યોર અને અત્યંત ગરીબ દર્દીઓને સંપૂર્ણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવ્યું છે. દીવાનપરા રોડ ખાતે આવેલા થેલેસેમિયા કેર એન્ડ કાઉન્સેલિંગ સેન્ટરમાં ૧૨૦થી વધુ થેલેસેમિક બાળકોને દર ૧૫ દિવસે નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ નિ:શુલ્ક લોહી ચડાવવાની સેવા આપવામાં આવે છે.

અતિઆધુનિક સાધનોથી સજ્જ આ બ્લડ બેન્ક ૩,૦૦૦ યુનિટ રક્ત સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત રેડક્રોસ નેશનલ હેડક્વાર્ટર દિલ્હી તરફથી મળેલી વોલ્વો બસમાં એકસાથે ૫ રક્તદાતાઓ રક્તદાન કરી શકે તેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

આ રક્તદાન જાગૃતિ ઉત્સવ દરમિયાન રેડક્રોસ ભવન ખાતે અથવા કેમ્પમાં રક્તદાન કરનારાઓમાંથી લકી ડ્રો દ્વારા પ્રથમ ૩ ક્રમાંક અને અન્ય ૧૫ રક્તદાતાઓને વિશેષ ઈનામો તથા સન્માનપત્રથી નવાજવામાં આવશે. પ્રથમ વખત રક્તદાન કરનાર દરેક નાગરિકનું વિશિષ્ટ સન્માન કરાશે. સંસ્થા દ્વારા તમામ સામાજિક-ધાર્મિક સંગઠનો, શાળા-કોલેજો અને યુવાનોને આ ઉત્સવમાં જોડાઈ રક્તદાન કરવા તેમજ રક્તદાન કેમ્પોનું આયોજન કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

# મહુવામાં રિક્ષા આંતરી બે યુવકો પર જીવલેણ હુમલો

**મહિલા સાથેની બોલાચાલીની દાઝ રાખી હુમલો કરાયો; 'એક મર્ડર કર્યું છે, બીજું તારું કરી નાખીશ' કહેતાં સનસનાટી મચી**

ભાવનગર,તા.૧૪

મહુવા માર્કેટિંગ યાર્ડની પાછળના ભાગે રિક્ષામાં જઈ રહેલા બે યુવકો પર બાઈક પર આવેલા શખસોએ જીવલેણ હુમલો કરી લોખંડના પાઈપ અને લાકડીઓ વડે આડેધડ ઘા ઝીંકી દીધાનો બનાવ સામે આવ્યો છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બંને યુવકોને તુરંત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ મામલે મહુવા પોલીસ મથકમાં પાંચ શખસો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાઈ છે.

બનાવની વિગતો અનુસાર, મહુવાના ભાદ્રોડ ઝાપા પાસે આવેલી મેમણ કોલોનીમાં રહેતા ફઝલેકરીમ કાસમભાઈ તૈયબાનીએ ફરિયાદ નોંધાવી છે કે, તેઓ તથા તેમના મિત્ર ઈકબાલશા હાજીશા ફકીર રિક્ષામાં બેસી બાલાજી જીનિંગ તરફ કામ અર્થે જઈ રહ્યા હતા. તે દરમિયાન સુરેશના ઘર પાસે ઈકબાલશાને એક મહિલા સાથે બોલાચાલી થઈ હતી. જેની દાઝ રાખી સાલેમીયા ઉર્ફે રાટુ ઉસ્માનમીયા સૈયદ, સુરેશ ઉર્ફે સુર્યા હમીરભાઈ પરમાર, ચેતન ઉર્ફે માતાજી અને અન્ય બે અજાણ્યા શખસોએ બાઈક પર આવી તેમની રિક્ષા આંતરી હતી.

તમામ શખસોએ પાઈપ અને લાકડીઓ વડે બંને યુવકો પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા દરમિયાન સાલેમીયાએ "આજે તો તને પતાવી દેવો છે, એક મર્ડર કર્યું છે અને બીજું તારું કરી નાખીશ" તેવી ધમકી પણ આપી હતી. આ ઘટના અંગે મહુવા પોલીસે તમામ આરોપીઓ સામે BNS એકટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# આઝાદનગરમાં સાથે ધંધો કરવાની ના પાડતા યુવક પર જીવલેણ હુમલો: ત્રણ સામે ગુનો નોંધાયો

ભાવનગર,તા.૧૪

ભાવનગરના રામમંત્ર મંદિર વિસ્તારમાં આવેલ આઝાદનગરમાં રહેતા અને કોલ્ડ્રિક્સ એજન્સીમાં મજૂરી કામ કરતા જય ઉર્ફે ભયલુ દાનાભાઈ મકવાણા નામના યુવક પર ત્રણ શખ્સોએ પાઈપ તથા બેઝબોલના ધોકા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે.

ઘટનાની વિગત મુજબ, જય પોતાના ઘર પાસે પહોંચ્યો ત્યારે બાઈક પર આવેલ અજય ઉર્ફે અચૂલી પરમારે તેને પોતાની સાથે ધંધામાં જોડાવા બાબતે બોલાચાલી કરી હતી. યુવકે સાથે ધંધો કરવાની સ્પષ્ટ ના પાડી પોતાની મજૂરી ચાલુ રાખવાનું કહેતા જ અજય ઉર્ફે અચૂલી ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ અજય ઉર્ફે અચૂલી, અજય ઉર્ફે અજો મકવાણા અને ભોલુ વિક્રમસિંહ ગોહિલે અપશબ્દો બોલી પાઈપ તથા બેઝબોલના ધોકા વડે યુવક પર તૂટી પડ્યા હતા.

હુમલાખોરોએ યુવકના હાથ-પગ ભાંગી નાખી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે સર ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ મામલે યુવકની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસ મથકમાં ત્રણેય શખ્સો વિરુદ્ધ BNS એક્ટની વિવિધ કલમો તથા જીપી એક્ટ ૧૩૫ હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

**પાઈપ અને બેઝબોલના ધોકા વડે હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યા; ઈજાગ્રસ્ત યુવક સર ટી. હોસ્પિટલમાં સારવાર હેઠળ**

# મહુવા ખાતે કાલે સ્પાઈન અને BMD ચેકઅપ કેમ્પનું આયોજન

### દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના સ્પાઈન સર્જન ડૉ. રુદ્રરાજસિંહ જાડેજા દર્દીઓને તપાસશે

ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેર અને જિલ્લાના દર્દીઓને સ્પાઈન તથા હાડકાંના રોગોનું સમયસર નિદાન મળી રહે તે હેતુથી જન સેવા હોસ્પિટલ, મહુવા ખાતે નિ:શુલ્ક સ્પાઈન અને બોન મિનરલ ડેન્સિટી (BMD) ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી યોજાશે. નવી દિલ્હીની ખ્યાતનામ સર ગંગારામ હોસ્પિટલ સાથે સંકળાયેલા અને ભાવનગરમાં "આરાધના સ્પાઈન કેર" શરૂ કરનાર નિષ્ણાત સ્પાઈન સર્જન ડૉ. રુદ્રરાજસિંહ જાડેજા કેમ્પમાં ઉપસ્થિત રહી સેવાઓ આપશે.

આજના સમયમાં કમર-ગરદનનો દુખાવો, સાયટિકા, ડિસ્ક અને ઓસ્ટિયોપોરોસિસ જેવી સમસ્યાઓ સામાન્ય બની છે. કેમ્પ દરમિયાન દર્દીઓનું નિ:શુલ્ક BMD ટેસ્ટિંગ કરી હાડકાંની ઘનતા, નબળાઈ અને ફ્રેક્ચરના જોખમ અંગે ચોક્કસ માર્ગદર્શન અપાશે. મહુવા અને આસપાસના વિસ્તારના જરૂરિયાતમંદ દર્દીઓને આ કેમ્પનો લાભ લેવા જણાવાયું છે.

# ઝેરી રોયલ સ્ટેગ દારૂ પીવડાવી મિત્રને મારી નાખનાર હત્યારો ઝબ્બે



તસવીર : ધવલ વાજા

ભાવનગરમાં રોયલ સ્ટેગ દારૂ પીવાના કારણે થયેલા શંકાસ્પદ મોત કેસમાં ચોંકાવનારો વળાંક આવ્યો હતો પ્રાથમિક તબક્કે ઝેરી આલ્કોહોલના સેવનથી થયેલું મોત ગણાતી આ ઘટના વાસ્તવમાં પૂર્વ આયોજિત હત્યા હોવાનું બહાર આવ્યું છે. આરોપી મુકેશ હસમુખભાઈ પટેલે પોતાના જ મિત્ર ભાવેશભાઈ ધીરુભાઈ વિસાણીની કાવતરું ઘડીને હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. બનાવ અંગે ઘોઘા રોડ પોલીસે આરોપી મુકેશ પટેલની અટકાયત કરી આગળની કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમડામાં તાંત્રિક વિધિના નામે વૃદ્ધા સાથે કરાઈ ઠગાઈ

**દીકરાની સગાઈ અને 'માયા' નીકળવાની લાલચ આપી ૮૦ વર્ષીય વૃદ્ધાના સોનાના દાગીના તથા રોકડ રકમ સેરવી લીધી**

ભાવનગર,તા.૧૪

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના લીમડા ગામે એકલવાયું જીવન જીવતાં ૮૦ વર્ષીય સવિતાબેન તળશીભાઈ લાઠીયા સાથે તાંત્રિક વિધિના નામે છેતરપિંડી થવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ગત તા. ૧૧ના રોજ બપોરના સમયે વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે એક અજાણી મહિલાએ આવી પોતે પૈસા લીધા વિના 'જોવાનું કામ' કરતી 'ભુવી' હોવાની ઓળખ આપી વિશ્વાસ કેળવ્યો હતો. પરિવારની વાતો જાણી લીધા બાદ તેણે વૃદ્ધાના નાના દીકરાની સગાઈ કરાવવા અને ઘરમાંથી 'માયા' કાઢવાની લાલચ આપી હતી.

ઠગ મહિલાએ વિધિના બહાને સાડીના છેડામાં મીઠું, રૂ.૨,૫૦૦ રોકડા તેમજ વૃદ્ધાએ પહેરેલી સોનાની બુટ્ટી અને સર મુકાવી પોટકું વાળી લીધું હતું. ત્યારબાદ બે વાગ્યે વિધિ કરીને આવવાનું કહી મહિલા રૂ.૨૨,૫૦૦ની મત્તા લઈ રફુચક્કર થઈ ગઈ હતી. લાંબા સમય સુધી મહિલા પરત ન ફરતાં છેતરાયાનું માલૂમ પડતાં વૃદ્ધાએ ઉમરાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે BNS કલમ-૩૧૬(૨) હેઠળ ગુનો નોંધી CCTV ફૂટેજ આધારે આરોપી મહિલાની શોધખોળ શરૂ કરી છે.

# જેસર તાલુકામાં સવારથી વરસાદ

**બીલા ગામ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં વાતાવરણમાં પલટો; ગરમીમાંથી રાહત મળતા વાતાવરણમાં ઠંડક પ્રસરી**



ભાવનગર,તા.૧૪

જેસર તાલુકામાં લાંબા સમયના વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આજે વહેલી સવારથી જ આકાશમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. ખાસ કરીને તાલુકાના બીલા ગામે સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યા બાદ ધીમી ધારે શરૂ થયેલો વરસાદ બાદમાં ધોધમાર રૂપે વરસ્યો હતો. આ વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ગરમીમાંથી મુક્તિ મળી હતી અને સમગ્ર પંથકમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ હતી.

ધોધમાર વરસાદને કારણે જેસરના મુખ્ય રસ્તાઓ પર મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાક વિસ્તારોમાં તો રસ્તાઓ પર નદી વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા, જેના કારણે વાહનચાલકોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બીજી તરફ, લાંબા સમયથી વરસાદની ચાતક ડોકે રાહ જોઈ રહેલા સ્થાનિક ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદરૂપ સાબિત થયો છે. પાકને નવું જીવનદાન મળતાં ખેડૂતોના ચહેરા પર મોટી રાહત અને ખુશી જોવા મળી હતી.

# આત્મહત્યાની દુષ્પ્રેરણા કેસમાં આરોપીની જામીન અરજી ફગાવતી ભાવનગર કોર્ટ

### દિકરીને પરેશાન કરી મરવા મજબૂર કરનાર આરોપીની જામીન અરજી ચોથા એડિશનલ સેશન્સ જજે કડક ટિપ્પણીઓ સાથે નામંજૂર કરી


ભાવનગર,તા.૧૪

ભાવનગરના ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં ગત તા. ૧૯/૦૬/૨૦૨૬ના રોજ નોંધાયેલા આત્મહત્યાની દુષ્પ્રેરણાના ચર્ચાસ્પદ કેસમાં આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. મૂળ રાજસ્થાનના રહેવાસી આરોપી સંદીપકુમાર ભવરલાલ સામે મૃતક કિરણબેનને ખોટી લોભ-લાલચ આપી, શારીરિક-માનસિક રીતે પરેશાન કરી બ્લેકમેલ કરવા તેમજ ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરવા મજબૂર કરવાનો આરોપ છે. આ મામલે મૃતકના માતા રેખાબેન ચૌહાણે BNSની કલમ ૧૦૮, ૩૧૮(૪), ૮૩ અને ૧૧૫(૨) હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

ઘટના બાદ ભાવનગર બી ડિવિઝન પોલીસે ભારે જહેમત ઉઠાવી આરોપીને રાજસ્થાન ખાતેથી ઝડપી લીધો હતો. ત્યારબાદ આરોપી દ્વારા ચોથા એડિશનલ સેશન્સ જજ દામોદરાની કોર્ટમાં જામીન મુક્ત થવા અરજી કરવામાં આવી હતી. જોકે, નામદાર અદાલતે કેસની ગંભીરતા ધ્યાને લઈ કડક ટિપ્પણીઓ સાથે આ જામીન અરજી નાંજૂર કરી દીધી છે. આ કેસમાં સરકાર પક્ષે APP ધ્રુવભાઈ મહેતા અને ફરિયાદી પક્ષે વિથ પ્રોસિક્યુશન એડવોકેટ હિરેન જાની રોકાયા હતા.

# જૈન સંવત્સરી એટલે આત્માને ઉજાળનારું પર્વ

**જૈન પરંપરામાં પર્યુષણને આત્માનું પર્વ કહ્યું છે. આ પર્વ શરીરને શણગારવાનું પર્વ નથી. આ પર્વ મનને સાફ કરવાનું પર્વ છે. માણસ આખું વરસ દોડતો રહે છે. તે ધન પાછળ દોડે છે. તે કામ પાછળ દોડે છે. આ દોડમાં તેનું મન મેલું થાય છે. તેનાથી કોઈનું દિલ દુભાય છે. તે કોઈ સાથે કડવું બોલે છે. પર્યુષણ આ બધા મેલને ધોવાનો અવસર આપે છે.**



**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

પર્યુષણ શબ્દનો અર્થ બહુ સુંદર છે. તેનો અર્થ છે આત્માની પાસે રહેવું. શરીરથી દૂર થવું અને આત્માની નજીક જવું. શરીરનો મોહ છોડવો અને મનને હળવું કરવું. એટલા માટે આ દિવસોમાં જૈનો સાદું જીવન જીવે છે. તેઓ ઓછું ખાય છે. તેઓ ઓછું બોલે છે. તેઓ વધુ વિચારે છે. તેઓ પોતાની ભૂલોને યાદ કરે છે.આ આઠ દિવસ સાધુ જેવું જીવન જીવવાના દિવસો છે. શ્રાવક અને શ્રાવિકા ઉપાશ્રયમાં રહે છે. તેઓ સવારે વહેલા ઊઠે છે. તેઓ સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્ર પહેરે છે. સ્ત્રી અને પુરુષ બંને સંયમ રાખે છે. તેઓ એકબીજાને સ્પર્શ પણ કરતા નથી. તેઓ ધરતીની વાતો કરતા નથી. તેઓ ધર્મની વાતો સાંભળે છે. તેઓ મૌન રાખે છે. તેઓ તપ કરે છે.તપનો મહિમા જૈન ધર્મમાં ઘણો મોટો છે. કોઈ ત્રણ દિવસના ઉપવાસ કરે છે. કોઈ આઠ દિવસના ઉપવાસ કરે છે. જેનામાં જેટલી શક્તિ હોય તે એટલું તપ કરે છે. કોઈથી ઉપવાસ ન થાય તો તે એક ટંક ખાય છે. કોઈ ફક્ત ફળ પર રહે છે. ભાવ એ જ મોટી વાત છે. ભૂખ્યા રહેવું એ જ તપ નથી. મનને ભૂખથી દૂર કરવું એ સાચું તપ છે. ક્રોધને જીતવો એ સાચું તપ છે.

કેટલાક લોકો આખું વરસ ઉપવાસની ભાવના રાખે છે. કોઈ છ મહિના સુધી તપ કરે છે. કોઈ માસક્ષમણ કરે છે. એટલે કે ત્રીસ દિવસ સુધી ઉપવાસ કરે છે. આ વાત સાંભળીને નવાઈ લાગે છે. પણ શ્રદ્ધા હોય તો બધું શક્ય બને છે. કલ્પસૂત્રમાં આનું સુંદર વર્ણન છે. અષાઢ સુદ ચૌદસથી ચાતુર્માસ શરૂ થાય છે. એ દિવસથી દોઢ માસ પસાર થાય છે. પછી પર્યુષણ આવે છે. પાંચમા પાંખિયાના પાંચમે દિવસે સંવત્સરી આવે છે. આ ક્રમ જ્ઞાનીઓએ બાંધી આપ્યો છે.સંવત્સરીની આરાધના માટે ખાસ વિધિ છે. આ આઠ દિવસમાં કલ્પસૂત્રનું શ્રવણ થાય છે. કલ્પસૂત્ર જૈનો માટે બહુ પવિત્ર ગ્રંથ છે. આઠ સમયના વ્યાખ્યાનમાં સાધુ તેને સંભળાવે છે. લોકો શાંતિથી તેને સાંભળે છે. તેના અક્ષરોમાં ભાવાર્થ ભરેલો છે. તેને સાંભળતા મન પવિત્ર થાય છે.કલ્પસૂત્રના શ્રવણ પહેલા ગુરુ ભગવંતને વંદન કરવામાં આવે છે. પછી વિધિ થાય છે. ચોથા વ્યાખ્યાનમાં ભગવાન મહાવીરના જન્મની વાત આવે છે. તે દિવસે જન્મ વાંચન થાય છે. હકીકતમાં તે જન્મ દિવસ નથી. પણ જન્મ કલ્યાણકનો ભાવ તેમાં છે. લોકો આનંદથી તેને સાંભળે છે.છેલ્લો દિવસ એટલે સંવત્સરીનો દિવસ. આ દિવસે સવારે વહેલા ઉપાશ્રયમાં ભીડ જામે છે. મૂળ કલ્પસૂત્ર જેનું વજન લગભગ બારસો ગ્રામ હોય છે તેને બહાર કાઢવામાં આવે છે. તેના પર બારસો સૂત્રો લખેલા હોય છે. જો શ્રવણમાં કોઈ અક્ષર ખૂટી ગયો હોય તો આ બારસા સૂત્ર સાંભળવાથી પૂરો લાભ મળે છે. આમાં ભાવનું જોર છે. મંત્રની જેમ આ શબ્દો કામ કરે છે.સંવત્સરીના દિવસે સાંજે બધા એકબીજાની ક્ષમા માગે છે. આખા વરસમાં કરેલા પાપોને યાદ કરવામાં આવે છે. જાણતા કે અજાણતા થયેલી ભૂલો માટે ક્ષમા માગવામાં આવે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે ક્રોધ વધુમાં વધુ પંદર દિવસ રહેવો જોઈએ. તેને સંજ્વલન કષાય કહે છે. માન એક વરસ સુધી રહે તો તેને અનંતાનુબંધી કહે છે. માયા અને લોભ પણ આવા જ હોય છે. આ કષાયો માણસને અંદરથી હેરાન કરે છે. તેની શાંતિ છીનવી લે છે. તેમાંથી છૂટવા માટે સંવત્સરી છે.જૈન ધર્મ કહે છે કે ક્ષમા માગવી એ નાનપ નથી. ક્ષમા આપવી એ મોટપ છે. જે માણસ ક્ષમા માગે છે તેનું મન હળવું થાય છે. જે માણસ ક્ષમા આપે છે તેનું દિલ મોટું થાય છે. મિચ્છામી દુક્કડમનો અર્થ એ જ છે. મારાથી થયેલું ખોટું નિષ્ફળ જાઓ. આ ભાવમાં અહંકાર ઓગળી જાય છે.આ પર્વ આપણને શીખવે છે કે જીવનમાં કપડાંનું મહત્વ નથી. ખાવાનું મહત્વ નથી. સાચું મહત્વ મનની સફાઈનું છે. ધનથી સુખ મળતું નથી. માફીથી સુખ મળે છે. વેરથી શાંતિ મળતી નથી. ક્ષમાથી શાંતિ મળે છે.આજના સમયમાં આ વાત વધુ જરૂરી બની છે. માણસ માણસથી દૂર થતો જાય છે. નાની વાતમાં ઝઘડા થાય છે. વરસો સુધી અબોલા રહે છે. સંવત્સરી કહે છે કે અબોલા તોડો. સામે ચાલીને હાથ લંબાવો. એક વાર દિલથી માફી માગી જુઓ. સામેવાળાનું દિલ પણ પીગળશે.પર્યુષણના આઠ દિવસ એ અરીસા જેવા છે. તેમાં આપણને આપણું સાચું રૂપ દેખાય છે. આપણે કેટલો ક્રોધ કર્યો. આપણે કેટલું જૂઠું બોલ્યા. આપણે કેટલો મોહ રાખ્યો. આ બધું દેખાય છે. પછી તેને ધોવાનો માર્ગ મળે છે.જૈન સાધુઓ આ દિવસોમાં ત્યાગનો દીવો પ્રગટાવે છે. તેઓ પગપાળા વિહાર કરે છે. તેઓ કોઈ જીવને હાનિ ન થાય તેનું ધ્યાન રાખે છે. તેમનું જીવન જ ઉપદેશ છે. શ્રાવકો તેમને જોઈને શીખે છે. સાદું ખાવું. સાદું પહેરવું. સાચું બોલવું. ઓછી જરૂર રાખવી. આ જ સાચો ધર્મ છે.સંવત્સરી એ માત્ર જૈનોનું પર્વ નથી. તે માનવતાનું પર્વ છે. દરેક ધર્મમાં ક્ષમાની વાત છે. પણ જૈન ધર્મે તેને પર્વ બનાવી છે. એક દિવસ ખાસ ક્ષમા માટે રાખ્યો છે. આ તેની વિશેષતા છે.આપણે પણ આ ભાવને જીવનમાં ઉતારીએ. વરસમાં એક વાર નહી. રોજ સૂતા પહેલા વિચારીએ. આજે મારાથી કોઈ દુભાયું તો નથી ને. જો દુભાયું હોય તો સવારે તેની માફી માગી લઈએ. મનમાં ગાંઠ ન રાખીએ. ગાંઠ રાખવાથી મન ભારે થાય છે.

# નંદકુંવરબા મહિલા કોલેજ ખાતે પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે ઈકો ફ્રેન્ડલી ગણપતિ ઉત્સવનો પ્રારંભ

**નાળિયેરના છાલામાંથી નિર્મિત ગણેશજીની પ્રતિમાનું વિધિવત સ્થાપન; વિદ્યાર્થીનીઓએ કાઢી ભવ્ય શોભાયાત્રા**





ભાવનગર,તા.૧૪

નંદકુંવરબા મહિલા કોલેજ, દેવરાજનગર ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (NSS) ના ઉપક્રમે પર્યાવરણ જાગૃતિના અનુસંધાને ગણપતિ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. તા. ૧૪-૦૯-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અબીલ-ગુલાલની છોળો અને ડી.જે.ના તાલ સાથે ભવ્ય શોભાયાત્રા યોજાયા બાદ શાસ્ત્રોક્ત વિધિથી ગણેશ સ્થાપન કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિમાં વિઘ્નહર્તા શ્રીજીની પ્રથમ પૂજાનું વિશેષ મહત્વ છે. વર્તમાન સમયમાં ભૌગોલિક પરિસ્થિતિ અને વાતાવરણમાં આવતા બદલાવોને ધ્યાનમાં રાખી પર્યાવરણનું જતન કરવું દરેક નાગરિકની નૈતિક ફરજ છે. વૃક્ષો, દરિયાકાંઠા અને નદીઓની જાળવણીના સંદેશ સાથે કોલેજે દર વર્ષની પરંપરા જાળવીને આ વખતે વિશેષરૂપે નાળિયેરના છાલામાંથી બનાવેલ સંપૂર્ણ ઈકો-ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિની સ્થાપના કરી છે.આ ૩-દિવસીય ઉત્સવ દરમિયાન કોલેજની વિદ્યાર્થીનીઓ અને શૈક્ષણિક સ્ટાફ દ્વારા દરરોજ સવાર-સાંજ આરતી, વિશેષ શણગાર, ગરબા અને સમૂહ આરતી જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

# હોમગાર્ડ જવાનના અવસાન પરત્વે મોરારિબાપુએ સાંત્વના પાઠવી, રૂપિયા ૫૧ હજારની આપી સહાય

ભાવનગર,તા.૧૪

ભાદરવી પૂનમના દિવસે મહુવાના હોમગાર્ડ જવાન સંદીપભાઈ દવેનું અકસ્માતમાં દુ:ખદ અવસાન થયું હતું. આ કરુણ ઘટનાના સમાચાર મળતાં જ પૂજ્ય મોરારિબાપુએ હતભાગી જવાનને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને તેમના આત્માના નિર્વાણ માટે પ્રાર્થના કરી હતી.

ચિત્રકૂટ ધામ તલગાજરડા ખાતે મોરારિબાપુએ સ્વ. સંદીપભાઈની બે પુત્રીઓને રૂપિયા ૫૧ હજારની સહાયતા રાશિ અર્પણ કરી હતી અને પરિવારજનોને દિલસોજી પાઠવી સાંત્વના આપી હતી. આ પ્રસંગે હોમગાર્ડ કમાન્ડર ખાંભલિયા, ઉપ કમાન્ડર તથા મરણજનારના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ માનવતાભર્યા કાર્યમાં અતુલભાઈ ચિતલીયાની વિશેષ સેવા રહી હતી.

**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૬૧/૨૦૨૬**
**જન્મ તારીખ ૨૫/૦૬/૧૯૬૫**

**શ્રી જીન્નતબેન ગફુલભાઇ મોદન,**
**રહે. મદીના મસ્જીદની સામે, નવાપરા,**
**ભાવનગર મો.નં. ૯૪૨૭૨૪૬૪૨૮**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જીન્નતબેન ગફુલભાઈ મોદનએ તેમનો જન્મ તા.૨૫/૬/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે. અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૬/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**કોર્ટનો સિક્કો**

**હુકમથી**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**

**જાહેર નોટીસ**

આથી અમારા અસલ આત્મીય કો-ઓપરેટિવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીની તા.૦૯/૦૮/૨૦૨૬ને રવિવારના રોજ મળેલી નવમી વાર્ષિક સાધારણ સભા ઠરાવ નં.-૬ માં પેટાનિયમ-૧ (બ)ના ઠરાવથી ભાવનગર ગ્રામ્ય તથા ભાવનગર શહેર એમ બંને મળીને સમગ્ર ભાવનગર જિલ્લાના વિસ્તારનું કાર્યક્ષેત્ર વધારવા માટે દરખાસ્ત રજુ કરેલ છે.

આત્મીય કો-ઓપરેટિવ ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીનું કાર્યક્ષેત્ર વધારવા માટેની કાર્યવાહી ભાવનગર ગ્રામ્ય તથા ભાવનગર શહેર એમ બંને મળીને સમગ્ર ભાવનગર જીલ્લા માટે કરવા સામે જે વ્યક્તિ/સહકારી શરાફી મંડળીને નોંધણી સામે જે કોઈને વાંધો કે વિરોધ હોય તો અમોને નીચેના સરનામે પ્રમાણિત પુરાવાઓ સાથે દિન-૭માં જાણ કરવી, જે જાણ કરવામાં નહિં આવે તો કોઈએ કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ, તકરાર નથી તેમ સમજી આત્મીય કો-ઓપ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટીની રજીસ્ટ્રેશનની કાર્યવાહી આગળ કરવામાં આવશે. જેનું કાનુની કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૧૪/૦૯/૨૦૨૬, સોમવાર, સ્થળ : અમદાવાદ
ડો. રાજદીપસિંહ બી. જાડેજા, (એડવોકેટ)
(બી.એ.એલએલ.બી., ડી.સી.એલ., પી.એચ.ડી)
ઓફિસ : બંગલા નંબર : ૫૬, સારથી બંગ્લોઝ, અનંતા સ્કેવરની સામે, નવા નરોડા, અમદાવાદ
મો.: ૭૬૦૦૦૦૨૧૨૨




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

તા. ૧૪-૦૯-૨૦૨૬, સોમવાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫






# વરુણદેવને સાથે લઇ ગણેશજી પધાર્યા ! : ગોહિલવાડમાં ગુંજ્યો ગણપતિનો જય ઘોષ, ઢોલ-નગારા અને ડીજેના તાલે ‘બાપ્પા’નું ભવ્ય આગમન

## શહેરના વિવિધ સાર્વજનિક ગણેશોત્સવના આકર્ષક પંડાલોમાં પ્રતિમાઓનું વિધિવત સ્થાપન, ઈકો ફ્રેન્ડલી મૂર્તિનો ટ્રેન્ડ વધ્યો













ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેર અને સમગ્ર ગોહિલવાડ પંથકમાં આજે સોમવારથી ગણેશ ચતુર્થીના પાવન પર્વ નિમિત્તે ગણેશોત્સવનો ભારે આસ્થા અને ઉલ્લાસ સાથે પ્રારંભ થયો છે. "ગણપતિ બાપ્પા મોરિયા" અને "મંગલ મૂર્તિ મોરિયા"ના ગગનભેદી નાદ સાથે સમગ્ર જિલ્લો ભક્તિરસમાં તરબોળ થઈ ગયો છે. ગત મોડી રાતથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં આયોજકો અને મિત્ર મંડળો દ્વારા ઢોલ-નગારા, ડીજે, લાઈટિંગ, લેઝીમ, બગી અને બેન્ડબાજા સાથે ગણેશજીની ભવ્ય શોભાયાત્રાઓ કાઢીને વિઘ્નહર્તાના શ્રીજી પંડાલોમાં વધામણાં કરવામાં આવ્યા હતા.

શહેરના કાળિયાબીડ, વાઘાવાડી રોડ, સરિતા સોસાયટી, જવાહર મેદાન, ઘોઘાસર્કલ, પાનવાડી ચોક, રૂપાણી, વડવા અને કણબીવાડ સહિતના વિસ્તારોમાં પણ ભવ્ય પંડાલો સજાવવામાં આવ્યા છે.ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ (અનંત ચતુર્દશી) સુધી ચાલનારા આ ૧૧ દિવસીય મહોત્સવ દરમિયાન પંડાલો તેમજ ઘરોમાં દરરોજ સવારે પૂજા-આરતી, બપોરે ભોગ આરતી અને સાંજે સંધ્યા આરતી કરવામાં આવશે. ગણેશજીના પ્રિય એવા ચૂરમાના લાડુ અને વિવિધ પ્રકારના મોદકની પ્રસાદી માટે મીઠાઈની દુકાનોમાં ધૂમ ખરીદી જોવા મળી રહી છે. આ ઉત્સવ ૨૫ સપ્ટેમ્બરે વિસર્જન સાથે સંપન્ન થશે. ધાર્મિક આસ્થાની સાથે સામાજિક એકતા અને ભાઈચારાના આ મહાપર્વથી સમગ્ર વાતાવરણ મંગલમય બની ગયું છે.વિવિધ ગણેશ મંડળો દ્વારા પંડાલોને લાઈટિંગ અને શણગારથી આકર્ષક રીતે સજાવવામાં આવ્યા છે. વહેલી સવારથી જ ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના, મહાઆરતી, કથા અને પ્રસાદ વિતરણ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# તળાજાના પ્રતાપરા ગામે યુવક પર લોખંડના પાઈપ અને છરીથી કરાયો ખૂની હુમલો

ભાવનગર,તા.૧૪

તળાજા તાલુકાના પ્રતાપરા ગામમાં મઢુલી પાસે રહેતા યુવક પર ભાણાના બાકી પૈસા બાબતે બોલાચાલી થયા બાદ બે શખ્સોએ લોખંડના પાઈપ અને છરી વડે જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી છે. આ મામલે ઈજાગ્રસ્ત યુવકની ફરિયાદના આધારે દાઠા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, પ્રતાપરા ગામના રહેવાસી મનસુખભાઈ નાથાભાઈ ભાલીયા (ઉ.વ.૨૭) મહાકાળી માતાના મંદિર પાસે પાનના ગલ્લા પર બેઠા હતા. તે દરમિયાન ગામના જ વિશાલભાઈ ધરમશીભાઈ ભાલીયા અને પિંટુભાઈ જેહાભાઈ ભાલીયા મોટરસાયકલ લઈને આવ્યા હતા. વિશાલે મનસુખભાઈને તેમના ભાણા કિરણ પાસે બાકી નીકળતા પૈસા આપી દેવા બાબતે વાત કરી હતી. મનસુખભાઈએ ’મારે આ બાબતે કંઈ લેવાદેવા નથી’ તેમ કહેતા બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલવા લાગ્યા હતા.

ઝઘડો ઉગ્ર બનતા વિશાલે મોટરસાયકલમાંથી લોખંડનો પાઈપ લાવી મનસુખભાઈને જમણા પગના નળાના ભાગે તથા ડાબા હાથે ખંભા પર ઘા માર્યા હતા. તેમજ પિંટુભાઈએ કમરમાંથી છરી કાઢી ડાબા પડખામાં પેટના ભાગે ઘી મારી દીધો હતો. દેકારો થતા આસપાસના લોકો અને કાકા રામજીભાઈ સહિતના દોડી આવતા હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘાયલ મનસુખભાઈને તળાજાની સદવિચાર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, આ બનાવ અંગે ભોગ બનનાર મનસુખભાઈએ ફરિયાદ નોંધાવતા દાઠા પોલીસે BNS કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ અને જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની બે શખ્સો સામે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ**

# મનપાના વિરોધ પક્ષના નેતા તરીકે ભરતભાઈ બુધેલીયાએ પદગ્રહણ કર્યું

## પ્રદેશ કોંગ્રેસ દ્વારા નામ જાહેર કરાયા બાદ હાલ તુરંત વિવાદનો અંત



ભાવનગર,તા.૧૪

ભાવનગર મહાપાલિકાના નવા ચૂંટાયેલા સભ્યોની ગત એપ્રિલ માસના અંતમાં પ્રથમ સભા યોજાયા બાદ, ચાર માસના લાંબા વિલંબ અને આંતરિક વિવાદનો આખરે અંત આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા વિરોધ પક્ષના નેતા તરીકે અનુભવી અને પાવરફુલ નેતા ભરતભાઈ બુધેલીયાનું નામ જાહેર કરવામાં આવ્યા બાદ, આજે સોમવારે તેમણે મહાપાલિકાની કચેરી ખાતે વિધિવત રીતે વિરોધ પક્ષના નેતા તરીકેનો પદભાર સંભાળી લીધો હતો. આ પ્રસંગે કોંગ્રેસના અનેક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દ્વારા ગત તા. ૨૯ ઓગસ્ટના રોજ જ ભાવનગર મહાપાલિકામાં વિપક્ષના નેતા તરીકે ભરતભાઈના નામની જાહેરાત કરી તેમને પત્ર પણ મોકલી દેવાયો હતો. જોકે, શહેર કોંગ્રેસ પ્રમુખ અન્ય નગરસેવકને આ પદ આપવા માંગતા હોવાથી કોઈ કારણોસર આ નામ જાહેર કરવામાં આવ્યું ન હતું, જેના લીધે જૂથબંધી અને વિવાદ સર્જાયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

આખરે તમામ વિવાદો વચ્ચે ભરતભાઈએ હોદ્દો સંભાળ્યો છે. જોકે, પ્રદેશ કોંગ્રેસ દ્વારા ભાવનગર મહાપાલિકા માટે ઉપનેતા અને દંડકના નામની જાહેરાત કરવાની હજુ બાકી છે.

# તલગાજરડાના પાટીયા પાસે અજાણ્યા વાહનની અડફેટે મહિલાનું મોત નીપજ્યું

## મહુવા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૧૪

તરેડ ગામના બસ સ્ટેન્ડ પાસે રહેતા અને મહુવાના ગણપતિ મંદિર નજીક અજાણ્યા વાહને રસ્તો ઓળંગી રહેલા મહિલાને અડફેટે લેતા ગંભીર ઈજાઓ થતા મોત નીપજ્યું હતું. આ મામલે મહુવા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની ગુનાહિત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બનાવ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, તરેડ ગામના રહેવાસી ચીરાગભાઈ પ્રવીણભાઈ રાઠોડ (ઉ.વ.૩૩) મહુવા બસ સ્ટેન્ડ પાસે ‘જય મોબાઈલ શોપ’ ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના માતા નયનાબેન તળાજા ખાતે રહેતા પોતાના પિતા ધીરુભાઈ વાજાની ખબર અંતર પૂછીને પરત પોતાના ઘરે આવી રહ્યા હતા. તે દરમિયાન તલગાજરડાના પાટીયા પાસે આવેલા ગણપતિ મંદિર નજીક વાહનમાંથી ઉતરીને તેઓ હાઈવે રોડ ક્રોસ કરી રહ્યા હતા.

રોડ ક્રોસ કરતી વેળાએ ઉમિયાણાવદર તરફથી પૂરઝડપે અને બેફિકરાઈથી આવી રહેલા એક અજાણ્યા વાહનના ચાલકે નયનાબેનને જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં તેમને માથા, બંને હાથ તેમજ પાંસળીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક મહુવા સરકારી જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર મળે તે પહેલા જ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ઘટના બાદ અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને તળાજા તરફ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. મૃતકના પુત્ર ચીરાગભાઈએ ફરિયાદ નોંધાવતા મહુવા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(બી) તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૪, ૧૩૪ અને ૧૭૭ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા નાસી છૂટેલા વાહન ચાલકને પકડવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મહુવામાં આજે બે ઈંચ અને તળાજામાં દોઢ ઈંચ ધોધમાર વરસાદ

## રાજ્યમાં ૪ સિસ્ટમ સક્રિય થતાં ભાવનગર જિલ્લામાં મેઘમહેર યથાવત ; ખેતરોમાં મોલાતને નવું જીવનદાન મળતાં ખેડૂતોમાં હર્ષોલ્લાસ





ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેર સહિત સમગ્ર ગોહિલવાડ પંથકમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે મેઘરાજા મહેરબાન થયા છે. રાજયમાં એકસાથે ચાર-ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થવાના પરિણામે ભાવનગર જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ યથાવત રહ્યો છે. શનિવાર રાત્રિથી શરૂ થયેલી મેઘમહેર બાદ રવિવાર અને આજે સોમવારે પણ સવારથી જ વાદળછાયા વાતાવરણ વચ્ચે પંથકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

આજે સોમવારે સવારથી બપોરે ૨:૦૦ કલાકના સમયગાળા દરમિયાન મહુવા પંથકમાં ધોધમાર ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત તળાજામાં દોઢ ઈંચ તેમજ વલભીપુર, ઉમરાળા અને પાલીતાણા તાલુકામાં ૧-૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ પૂર્વે રવિવારે પૂરા થતા ૨૪ કલાકમાં ઘોઘા, મહુવા, તળાજા, પાલીતાણા અને જેસરમાં ૧ ઈંચ તથા ભાવનગર શહેર, વલભીપુર, ઉમરાળા અને સિહોરમાં અડધાથી પોણો ઈંચ વરસાદ પડ્યો હતો.

તળાજા અને મહુવા સહિતના ગ્રામ્ય તેમજ વાડી વિસ્તારોમાં જોરદાર ઝાપટાં પડતાં રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. લાંબા વિરામ બાદ યોગ્ય સમયે જ વરસેલા આ વરસાદને કારણે ખેતરોમાં ઉભેલી મોલાતને મોટું જીવનદાન મળ્યું છે, જેનાથી ખેડૂતોમાં ભારે ખુશીની લહેર પથરાઈ છે. વરસાદના કારણે સમગ્ર જિલ્લામાં ભારે ઉકળાટ બાદ વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા તા. ૧૫ સપ્ટેમ્બર, મંગળવાર સુધી રાજયના વિવિધ ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.




CMYK CMYK CMYK CMYK